
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ




પુસ્તક ૮૧ મું
અંક ૯
૫ જુલાઇ

અ ષા ઢ

વીર સં. ૨૪૯૦
વિ. સં. ૨૦૨૧
ઇ. સ. ૧૯૬૫


(૧૦૫) संसारमावन्न परस्स अट्ठा, साहारणं जं च करेइ कम्मं ।
कम्मस्स ते तस्स उ वेयकाले, न बन्धवा बन्धवयं उवेन्ति ॥५॥

૧૦૫. સંસારમાં રહેનારો મનુષ્ય સાધારણ રીતે તો, પોતાના કુટુંબ કબીલા વગેરે માટે નઠારામાં નઠારાં કાર્યો કરે છે; પરંતુ જ્યારે તે કર્મોનાં દુષ્પરિણામો આવીને ખડાં થાય અને તેમને ભોગવવાનો સમય આવી પહોંચે છે, ત્યારે એ ભોગવવાને વખતે કોઇ બંધુ, પોતાની બંધુતાને દાખવતો નથી અર્થાત્ એ ભોગવવામાં કોઇ સ્વજન પોતાનો ભાગ માગતો નથી–પ્રત્યક્ષ થતાં એ દુષ્પરિણામોને કોઈ સ્વજન પોતે જાતે થોડે ઘણે અંશે પણ ઉપાડી લેવા તૈયાર નથી.

—મહાવીર વાણી


પ્રગટકર્તા :
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ : : વર્ષ ૮૧ મું : : વાર્ષિક લવાજમ ૫-૨૫ પોસ્ટેજ સહિત

# अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રભુ પ્રાર્થના .... .... | (સુરેશકુમાર કે. શાહ "સુધાકર") | ૭૩ |
| ૨ | શ્રી વર્દ્ધમાન-મહાવીર : મણકો બીજો-લેખાંક : ૮ | (સ્વ. મૌક્તિક) | ૭૪ |
| ૩ | કર્મના દલીનું કાર્ય .... | (બાલચંદ હિરાચંદ "સાહિત્યચંદ્ર") | ૭૮ |
| ૪ | મહાવીરસ્વામીના 'ત્રિદંડી' તરીકેના સાત ભવો | (પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ.) | ૮૦ |
| ૫ | સમકિત અંગે તાત્વિક વિચારણા .... | (શાહ ચત્રભુજ જેચંદ) | ૮૧ |
| ૬ | ભક્તિ .... .... | (ડૉ. વલ્લભદાસ નેણસીભાઈ-મોરબી) | ટા. પેજ ૩ |



શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાયેલ

પર્યુષણ પર્વમાં વાંચવા લાયક ગ્રંથો

| | | | |
|---|---|---|---|
| ઉપમીતી ભવપ્રપંચ કથા ભાગ ૧ | ૫-૦૦ | બાર વ્રતની પૂજા | ૦-૫૦ |
| ,, ,, ,, ૩ | ૫-૦૦ | પાર્શ્વનાથ પં. પૂજા | ૦-૬૦ |
| ,, ,, ,, ૪ | ૫-૦૦ | અંતરાય કર્મની પૂજા | ૦-૬૦ |
| ઉપદેશપ્રાસાદ ભાષાંતર ભાગ ૧ | ૩-૫૦ | બાલેન્દુ કાવ્ય કૌમુદી | ૨-૦૦ |
| ,, ,, ,, ૩ | ૩-૦૦ | તાત્વિક લેખ સંગ્રહ | ૨-૦૦ |
| ત્રિશષ્ટી પર્વ ૧-૨જુ | ૬-૦૦ | શાંત સુધારસ ભાગ ૧ | ૩-૫૦ |
| ,, ૭મું | ૪-૦૦ | ,, ,, ૨ | ૩-૫૦ |
| ચોસઠ પ્રકારી પૂજા | ૩-૦૦ | વિધિ સહિત પંચપ્રતિક્રમણ સૂત્ર | ૨-૭૫ |
| નવપદજીની પૂજા | ૦-૫૦ | શ્રીપાળ રાજાનો રાસ સચિત્ર | ૭-૫૦ |
| નવાણું પ્રકારી પૂજા | ૦-૫૦ | વીસ સ્થાનક તપ વિધિ | ૨-૫૦ |

લખો:—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર



મણીવિજયજી મહારાજની છપાવેલ—

શ્રી પર્યુષણાષ્ટાહ્નિકા વ્યાખ્યાન

ભાષાંતરની પ્રતાકારે

સાધુ સાધ્વી જ્ઞાન ભંડારો માટે ત્રીશ પૈસાની ટિકિટો મોકલવાથી ભેટ મળશે.

લખો:—શાહ હીરાચંદ હરગોવનદાસ, રાધનપુરી બજાર-ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૮૧ મું અંક ૯ | અષાડ | વીર સં. ૨૪૯૧ વિક્રમ સં. ૨૦૨૧


## પ્રભુ પ્રાર્થના

પ્રભુજી તારૂં નામ પ્રભુ પણ પ્યારૂં.

દર્શન તારૂં લાગે પ્યારૂં, તારૂં નામ પ્રભુ પણ પ્યારૂં;
જીવનની જ્યોતિને માટે, ઝંખે છે અંતર મારૂ.
પ્રભુજી તારૂં નામ પ્રભુ પણ પ્યારૂં.

હૈયે ને હોઠે તું વસતો, ભજતો નામ સદા હું તારૂં;
તુજ મંદિરીયે હરનિશ આવી, ગાતો ગીતડું પ્યારૂં.
પ્રભુજી તારૂં નામ પ્રભુ પણ પ્યારૂં.

હસતું મુખડું રોજ નિહાળી, ડોલે છે દિલડું મારૂં;
નિત નવા રંગોને નિરખી, મલકે છે મનડું મારૂં.
પ્રભુજી તારૂં નામ પ્રભુ પણ પ્યારૂં.

સગા–સંબંધી સુખનાં સાથી, દુઃખમાં ના કોઇ મારૂં;
તું છો મારો જીવન સાથી, તુજ વિણ ના કોઇ મારૂં.
પ્રભુજી તારૂં નામ પ્રભુ પણ પ્યારૂં.


" સુધાકર "
સુરેશકુમાર કે. શાહ
ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વર્દ્ધમાન–મહાવીર

**મણકો ૨ જો :: લેખાંક : ૮**

લેખક : સ્વ. મોતીચંદ ગિરધરલાલ કાપડિયા (મૌક્તિક)

અને સિદ્ધારથ રાજાને તો ભંડારમાં વધારો જ થતો ગયો અને તેમની ઋદ્ધિમાં કીર્તિમાં અને આબરૂમાં સારી રીતે વધારો થતો જ ગયો. એ સર્વ વર્ધમાનનો પુન્ય પ્રતાપ હતો અને રાજા તેમજ રાણીએ એ વાતનો સ્વીકાર કર્યો અને રાણીએ પણ એજ પ્રમાણે જો પુત્ર થાય તો નામ રાખવાની સંમતિ બતાવી. રાજારાણી વચ્ચે તે વખતે નીચે પ્રમાણે વાત થઇ :–

ત્રિશલા–'મારાગર્ભમાં પુત્ર આવ્યો છે, તે જો પુત્ર હોય તો તેનું નામ શું રાખશું ?'

સિદ્ધારથ–'(હર્ષમાં) આપણે ધનમાં તેમ જ આબરૂમાં તેમ જ બધી રીતે વૃદ્ધિ પામ્યા તેને અનુરૂપ નામ રાખવું ઠીક થઇ પડશે.'

ત્રિશલા–'આર્ય પુત્રનું જેમ ધારવું હોય તે મને યોગ્ય લાગે છે. મારા વિચાર પ્રમાણે તેનું વર્દ્ધમાન નામ રાખવું યોગ્ય થઈ પડશે.'

સિદ્ધારથ–'એ બરાબર વાત છે. એ નામ ગુણ-નિષ્પન્ન પણ છે અને આપણો જેમ ધન કીર્તિ અને માનમાં વધારો થતો આવ્યો છે અને વધારો અત્યારે પણ ચાલુ હોઇ તેને એનુરૂપ એ નામ છે. મને તો ખાત્રી છે કે સુપન પાઠકના કહેવા પ્રમાણે તને પુત્ર જ અવતરશે.'

ત્રિશલા–'આર્ય પુત્ર ! આપના મુખમાં સાકર! આપણે આપની ઇચ્છા પ્રમાણે જ કરશું અને તેમ કરવું અને આપની ઇચ્છાને માન આપવું તે અમારી સર્વની ફરજ છે.'

આ રીતે આવનાર પુત્રનું નામ **વર્ધમાન** રાખવું એ નક્કી થઇ ગયું અને કેટલાક રાજ દરબારીઓને તથા કુટુંબીઓને પણ પ્રસંગે આ વાત જણાવવામાં આવી.

મહાવીરનો ગર્ભ ત્યાર પછી વધતો જ ગયો, રાણીએ ગર્ભ વધે તેવાજ માર્ગો લીધા. ખાવા પીવા તથા વાતો વિચારો કરવા સંયમ જાળવ્યો અને એ રીતે ગર્ભકાળમાં પ્રભુએ નવ માસ અને સાડા સાત દિવસ પસાર કર્યા અને રાણી ત્રિશલાને દરમ્યાનમાં જે જે દોહદો થયા તે પૂરા કરી આનંદમાં ગર્ભ સમય પસાર કર્યો.

## પ્રકરણ સાતમું

### પ્રસૂતિગૃહની જરૂરીયાત :

આવી રીતે નવ માસ અને સાડા સાત દિવસનો ગર્ભકાળ વ્યતીત થયો. સન પૂર્વે ૫૯૯ ચૈત્ર શુદ ૧૩ની રાત્રીએ સર્વ ગ્રહો ઉત્તમ યોગમાં આવ્યા હતા. તેવા સારા યોગમાં પ્રભુનો ત્રિશલાદેવીની કૂખે જન્મ થયો. રાણી ત્રિશલાને કોઇ પ્રકારની બાધા પીડા ન થઇ અને જેવી રીતે કેટલીક સ્ત્રીઓને ઘણી સહેલાઇથી પ્રસૂતિ થાય છે તેમ ત્રિશલાદેવીને થયું અને રાજાની રાણી હોવાથી તેની સેવામાં અનેક દાઇઓ હાજર હતી. તેના મુખમાંથી કાઢેલ એક પણ જરૂરીઆતનો શબ્દ સંભળાતા રાજભુવનમાં દોડા દોડ થઈ હતી.

વળી અનુકૂળ નક્ષત્રો ઉપરાંત તે વખતે બીજો પણ સારો યોગ હતો. વર્ષમાં કાર્તકની, ફાલ્ગુનની અને આષાઢ માસની ત્રણ અઠ્ઠાઇઓ આવે છે. તે માસમાં અજવાળાપક્ષની સુદ સાતમથી પુનમ(પુર્ણિમા) ગુજરાતી અને હિંદી પંચાંગ પ્રમાણે પવિત્ર ગણાય છે. તેમાં દળવા ખાંડવાનો આરંભ સમારંભ કરવામાં આવતો નથી અને લોકો ધર્મકાર્યમાં ઉદ્યુક્ત રહે છે.

તે ઉપરાંત ચૈત્ર અને આસો માસમાં ઓળીના નવ નવ દિવસો આવે છે અને તે નવપદની ઓળીના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નામથી ઓળખાય છે જેને નવપદનું ધ્યાન કે પૂજન કરવું હોય તે આ દિવસોમાં ઓળી કરે છે અને દિવસો પણ અઠ્ઠાઇના ગણાય છે. અને શ્રાવણ માસના છેલ્લા ચાર દિવસ અને ભાદરવા માસના પ્રથમ ચાર ગુજરાતી પંચાંગની ગણતરી પ્રમાણે અને ભાદરવાના પુનમ પહેલાના ચાર દિવસ અને પુનમ પછી ચાર. એટલે ભાદરવા સુદ ૪ પહેલાના સાત દિવસ અને આઠમો દિવસ સાંવત્સરિક દિવસ તરીકે એમ આઠ દિવસની અઠ્ઠાઈ પર્યુષણની ગણાય છે.

એ પ્રમાણે કાર્તિક, ફાગણ અને આષાઢની ત્રણ અઠ્ઠાઇઓ અને નવપદ આરાધના માટે ચૈત્ર અને આસોની બે અઠ્ઠાઇઓ અને પર્યુષણની એક અઠ્ઠાઈ એમ મળી કુલ છ અઠ્ઠાઈ દરેક વર્ષે આવે છે અને એમાં પ્રાણી બની શકતું ધર્મ ધ્યાન કરે છે અને બની શકે તેટલો આરંભ સમારંભ ઓછો કરે છે. સાધુજીવન તો પ્રત્યેક પ્રાણી માટે શકય નથી, પણ બની શકે તેટલો આદર્શ પ્રાણી અનુસરે છે.

આ છ અઠ્ઠાઇ પૈકી ચૈત્ર માસની અઠ્ઠાઈ ચાલતી હતી તેવા ધર્મારાધનના દિવસોમાં પ્રભુનો સુખથી, નિરાબાધપણે જન્મ થયો.

આજના યુગમાં સુવાવડખાના ( maternity homes )ની પ્રત્યેક નાના મોટા ગામમાં ઘણી જ જરૂરીઆત છે. સુવાવડ વખતે શરીરમાં એક એવા પ્રકારની નબળાઈ આવી જાય છે કે તેના ઉપાયો હોસ્પિતાલમાં તાત્કાલિક લભ્ય થાય છે. રાણી ત્રિશલાની માફક વગર તકલીફે અને સહેલાઇથી સુવાવડ તો કોઇ ભાગ્યવાનને થાય, અને બધાં સાધનો વસાવવાં એ સર્વ પ્રાણીથી બની શકતું નથી. આ યુગની તેટલા માટે સુવાવડખાનાની જરૂરીઆત છે. આવા સાધનોનો અત્યારે પણ લાભ લેવાય છે તે ખુશીની વાત છે અને તેનો જેમ બને તેમ વધારે લાભ કરી આપવાની જરૂરીઆત છે. એ આ યુગની જરૂરીઆત હોઇ ધનવાનોની મદદને બહુ રીતે યોગ્ય છે.

છેલ્લામાં છેલ્લાં પ્રસૂતિનાં સાધનોથી વિભૂષિત આવી હોસ્પિટલો ઊભી કરવી એ આ કાળમાં પ્રત્યેક ગામના આગેવાનોની ફરજ છે એ મધ્યમ અને ગરીબ વર્ગને કેટલી આશીર્વાદ સમાન થઇ પડે છે તે અનુભવે જ ખબર પડે તેવું છે. અત્યારનું સુવાવડના મરણ પ્રમાણનો વિચાર કરતા અને સુવાવડ પછીની અસરને પરિણામે થતા ભોગોનો વિચાર કરતાં એની હૈયાતી આવશ્યક માનવામાં આવી છે. અને ત્રિશલામાતા જેવી સહેલાઈથી સુવાવડ થઇ જશે એમ માનવું કે મનાવવું એ આ યુગમાં પરવડે તેવું નથી અને ખોટી આશા બાંધવી અને ત્રિશલારાણી જેવી સહેલાઇથી સુવાવડ થશે એમ ધારી લેવામાં એક પ્રકારની ધૃષ્ટતા છે. તેથી મળી શકે અને મેળવી શકાય તેવાં સાધનો પ્રત્યેક ગામમાં એક સ્થાનકે મેળવી રાખવાં અને આખા ગામની સુવાવડ એ જગાએ થાય તેવી વિજ્ઞપ્તિ બહાર પાડવી.

અને સુવાવડના ખાટલા કેટલા રાખવા તે ગામની જરૂરિયાત પ્રમાણે વિચારી લેવું. નાના ગામમાં ખાટલાની સંખ્યા ઓછી હોય અને મોટા શહેરમાં તેની સંખ્યા વધારે હોય તે જરૂરિયાત પ્રમાણે ગોઠવી લઇ શકાય છે પણ પ્રત્યેક શહેરમાં આવા અલગ અલગ સુવાવડ ખાતાઓની જરૂરિયાત વિચારી તે જરૂરિયાતનો ઉપયોગ કરવો અને મનુષ્ય જન્મનો લહાવો લેવો. કારણ મનુષ્ય જન્મની સફળતા પારકાની જરૂરિયાતો પોતાની શક્તિ અને આવડતને પૂરી પાડવાના પ્રમાણમાં જ ગણાય છે અને ખાસ કરી સાધન સંપન્ન ધનવાનોની તો ફરજ ગણાય છે.

ત્રિશલાદેવીનું સર્વ પ્રસૂતિકાર્ય તો દેવ અને દેવીએ કર્યું તે આપણે જરૂરી વિગત સાથે જોઇ જઇએ.

આ ભગવાનનો જન્મોત્સવ દરેક સ્નાત્રમાં વર્ણવાય છે અને તે ખાસ વાંચવા લાયક છે. તેથી અત્ર તેનું યથાયોગ્ય શાસ્ત્રાધારે વર્ણન કરીએ. આ વર્ણનમાં દેવતાની હાજરી હોય છે તે દેવગતિ છે જ એમ ધારીને ચાલવામાં આવ્યું છે નવા જમાનાને એ વાત બેસે નહિ તેમણે વિશુદ્ધ શ્રદ્ધાપૂર્વક એ વાત સ્વીકારીને ચાલવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા રાજ્યસત્તામાં તથા ધન ધાન્યે વૃદ્ધિ પામ્યા અને તેનો રાજ્ય મહેલ સમૃદ્ધિથી ભરપૂર થઈ ગયો અને ત્યાં દેવતાઓ ભૂલાયલી અને વિસરાયલી અનેક સંપત્તિઓ અને સોનું નાખી ગયા તેથી વધારો અને છત થઇ ગયા એ બતાવે છે કે રાજાને ત્યાં હિસાબ કિતાબ બરાબર નહિ રહેતા હોય તેથી આ રકમ જમે કરવાની માથાકૂટમાં તે પડ્યા જ નહિ હોય એમ જણાય છે અને વધારો થાય એ તો બીજા માણસોને ત્યાં જોવાય છે, એમાં કાંઈ નવાઇ નથી. આપણે ત્યાં સારાં મહેમાન આવે તેના સારાં પગલાંથી આપણી આવક અને ધન, ધાન્ય, સત્તામાં વધારો થતો જાય છે તે તો આપણા પ્રત્યેકનો અનુભવ છે તેથી તે વાતમાં ઘણી નવાઇ લાગે તેવું નથી, એ તો બનવાજોગ બનાવ છે અને દુન્યવી અનુભવનો વિષય છે.

## પ્રકરણ આઠમું

**જન્મોત્સવ ( દિગ્કુમારી કૃત )**

આવી રીતે નવ માસ અને સાડા સાત દિવસ પ્રભુ ગર્ભાવાસમાં રહ્યા. તેઓએ બની શકે ત્યાં સુધી માતાને જરા પણ તકલીફ ન આપી.

કેટલાક ગર્ભો-પછી તે પુરૂષ હોય કે સ્ત્રી–બાળકી હોય તે માતાને ઘણી તકલીફ આપે છે. ગર્ભમાં આમ તેમ ચાલી, તેમજ પોતાના હાથ પગ ચલાવી માતાને નકામા થકવી દે છે અને એ ત્રાસ એવા પ્રકારનો છે કે માતાએ મૂંગે મ્હોએ તે સર્વ સહન કરવો જ પડે છે. એમાં બહારનો બીજો કે બીજી કોઈ મિત્ર કે સખી કાંઈ મદદ કરી શકતી નથી. બીજા માણસ પાસે તેની વાત કરવી તેમાં પણ શરમ લાગે છે, કારણ કે એ વાતમાં બહારની કોઈ મદદ કામ કરી શકતી નથી કે મદદ આપી શકતા નથી, અને અત્યારે કેટલીક દવાઓ શોધાઈ છે અને કેટલાક તો આશ્ચર્ય ઉપજાવે તેવા ઇલાજો શોધાયા છે, પણ કોઇ માણસે ગર્ભાધાન કરતી સ્ત્રીની પીડાને અંગે કોઈ શોધખોળ કરી હોય તેવું તો જાણવામાં આવ્યું નથી. ભારે શરીર વાળી સ્ત્રીએ તો પોતાને થતી સર્વ પીડાઓ સહનજ કરવાની છે. તેના તરફ તો વર્તમાનકાળના દાક્તરોએ કે વૈજ્ઞાનિકોએ જરા પણ ધ્યાન જ આપ્યું નથી.

આપણે આ પ્રસંગે વિચાર કરીએ કે અનેક પ્રકારના વર્ષો હિંદમાં ચાલે છે. તેનો હિંદમાં કેવી રીતે ઉપયોગ થતો હતો તે આ પ્રસંગે જોઈ જઇએ.

અત્યારે વીર સંવત ૨૫૦૧ ચાલે છે. ચાલુ વિક્રમ સંવતમાં ૪૭૦ વર્ષ ઉમેરવારથી તે સંવત આવે છે. એટલે સંવતના વર્ષમાં ૪૭૦ વર્ષ ઉમેરવાથી તે આવે છે અને તેમાં ૭૦ વર્ષનું મહાવીરનું આયુષ્ય ઉમેરવાથી મહાવીરનો જન્મ કાળ આવે છે. એટલે સંવત વર્ષ પહેલા ૪૭૦ અને ૭૦) વર્ષ ઉમેરવાથી વીર જન્મનો સંવત કાળ આવે છે. એટલે વીક્રમ પૂર્વે ૫૪૦. અને ઈ. સ. પૂર્વે ૪૮૪ વર્ષે ભગવાનનો જન્મ થયો.

હવે આપણે ઇસ્વી સનના વર્ષને અંગે તે બનાવ તપાસીએ. વિક્રમ સંવતમાં ૫૬ અથવા ૫૭ વર્ષ ઘટાડવાથી ઇસ્વીસન આવે તે આપણે જોયું. નવેમ્બર ડિસેમ્બર માસમાં ૫૭ વર્ષ વધારવાં પડે છે, જ્યારે બાકીનાં દસ માસમાં ૫૬) વર્ષ વધારવાથી વિક્રમ સવંત આવે છે. તેથી ૪૮૪ ઈસ્વીસન પૂર્વે મહાવીરનો જન્મ થયો હોય એમ જણાય છે.

હવે શાલિવાહનના શકના સંબંધમાં આ અગત્યનો બનાવ કયારે બન્યો તે જોઈ લઇએ. વિક્રમ સંવતમાં ૧૩૫) વર્ષ ઘટાડવાથી સાલિવાહન શકવર્ષ આવે છે, પણ શાલિવાહનના શકમાં તે ૧૩૫ વર્ષ વધારવાં પડે છે તેથી ૫૪૦માં ૧૩૫ અને તેમાં ૭૦ વર્ષનું પ્રભુનું વય વધારતાં ૭૪૫ શાલિવાહનના શક પહેલાં–એટલે ૭૪૫ પ્રભુનો જન્મ થયો.

તેમણે માતાને કોઇ પ્રકારનું કષ્ટ આપ્યું નહિ, પીડા ઉપદ્રવ થવા દીધાં નહિ ને સુખે સમાધિએ પુત્રનો જન્મ થયો.

પ્રભુના જન્મ વખતે સર્વ ગ્રહો ઉત્તમ યોગમાં આવ્યા હતા. તેવા સુંદર વખતમાં સારા યોગમાં પ્રભુનો જન્મ થયો. આ પુસ્તકના અંત ભાગમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુની કુંડળી આપવામાં આવી છે તે જોતાં તે વખતે સુંદર ગ્રહયોગ થયો હતો. પૃથ્વીના જીવોને પણ થોડા વખત માટે ખૂબ આનંદ થયો અને નારકીગતિ જેમાં દુ:ખ દુ:ખને દુ:ખજ હોય છે તેમને પણ થોડો વખત આનંદ થયો અને દેવ મનુષ્ય અને તિર્યંચ ગતિના જીવોને તો સવિશેષ આનંદ થયો, આખા વાતાવરણમાં આનંદ પ્રસરી ગયો અને સર્વ જીવોને થોડા વખત માટે તો મજા આવી. આખા વાતાવરણમાં આનંદ–લ્હેર પ્રસરી રહી અને સર્વ જીવોએ તે આનંદ અનુભવ્યો પ્રભુના જન્મ વખતે વિશાખા નક્ષત્રનો યોગ હતો અને તેથી સર્વ પ્રાણીએ સુખનો અનુભવ કર્યો અને થોડી મિનિટ માટે તો સર્વ જીવોએ સુખનો-આનંદનો અનુભવ કર્યો આ પ્રમાણે દુનિયાના સર્વ જીવોને આનંદ ઉપજાવતા પ્રભુનો જન્મ થયો અને સર્વ પ્રાણીએ તે વખતે સુખનો અનુભવ કર્યો એ વાત નોંધવા જેવી છે.

સારા માણસના જન્મથી આનંદ સાર્વત્રિક થાય છે; તે આપણા વીરના જન્મના પ્રસંગે જોયું.

વાતાવરણની આ વિશિષ્ટતા આપણે ઘણીવાર અનુભવીએ છીએ. મોટા માણસના મરણ દિવસે આખો દિવસ નભરમો લાગે છે અને આખા વાતાવરણમાં એક પ્રકારની કલુષિતતા દેખાય છે, અને સારા માણસના જન્મ વખતે વાતાવરણમાં વિશુદ્ધિ આવે છે. આવા પ્રકારનું વિશુદ્ધ વાતાવરણ પ્રભુના જન્મ વખતે થયું તે આપણે જોયું. તે વખતે આખું સુવાવડનું સૂતિ કર્મ છપ્પન દિગ્ કુમરી અથવા દિશાકુમારીઓએ કર્યું. એ પ્રભુનો જન્મોત્સવ પણ નોંધી લેવા લાયક છે. આપણે તે મહોત્સવ દિગ્કુમારીઓએ કેવી રીતે કર્યો તે જોઇએ.

દિગ્કુમારીઓ એક જાતની કુમારી દેવીઓ જ છે. તેઓનાં જુદા જુદા સ્થાનકો છે. તે આવીને પ્રભુનો જન્મોત્સવ ઉજવે છે અને ધાત્રીકર્મ કરે છે, સાફ સુફી કરે છે તે આપણે વિગતવાર જોઇએ. દિગ્કુમારીઓ અન્ય અન્ય સ્થાનકે મોટા દેવોના પરિવાર સાથે રહે છે. અને જાતે આખા જીવંત પર્યંત કુમારી રહે છે, છતાં તેમને પ્રભુ પ્રત્યે અત્યંત માન અને પૂજ્ય ભાવ હોય છે અને તેઓનાં સ્થાનો અલગ અલગ હોઇ એ મહોત્સવ પણ જોવાલાયક થાય છે. આવો દિશાકુમારીનો મહોત્સવ મેં જોયો છે. તે અત્યંત આકર્ષક હોઈ ખાસ નોંધી લેવા લાયક છે. આપણે તે વર્ણવીએ અને તેના પર દૃષ્ટિ ક્ષેપ કરી જઇએ.

આ દિગ્કુમારીના મહોત્સવને અંગે એક અગત્યની સૂચના કરવા યોગ્ય છે તે કરતાં જણાવવાનું કે આ કાળમાં પ્રસૂતિગૃહ અથવા સુવાવડખાના ગામે ગામ અને શહેરે શહેર થવાની જરૂરીઆત છે. અત્યારનાં સ્ત્રીઓનાં શરીરનાં બંધારણ જોતાં આવાં સાધનો ઊભા કરવાની ખાસ જરૂર છે અને આ જરૂરીઆત ગામડાઓમાં છે તેટલી જ મોટાં નાનાં શહેરોમાં છે. અત્યારે દાઇઓ કાંઈ ખાસ ભણેલી કે શીખેલી હોતી નથી અને હજુ જૂની પદ્ધતિ પ્રમાણે કામ કરે છે તેથી ગામે ગામમાં સાધનસંપન્ન અને અત્યારની પદ્ધતિ પ્રમાણે તૈયાર થયેલાં પ્રસૂતિગૃહોની ખાસ જરૂરીયાત છે અને નાત જાતના તફાવત વગર તેનો સાર્વત્રિક લાભ સર્વને અપાય તેમ થવાની જરૂર છે. આ કેટલું પુણ્યકૃત્ય છે તે સમજવા કે સમજાવવાની જરૂર નથી, કારણ કે પ્રસૂતિ ગૃહમાં તો અત્યારનો અભ્યાસ કરેલો ડોકટર પણ સભ્ય થઇ શકે છે અને એનો લાભ જનતાને મળે અને દાઈઓને ભાષણો દ્વારા તૈયાર કરાય એ વિધવાઓને અંગે એક જરૂરી કામ છે. વિધવાઓ નકામી કુથળીઓ કરીને સમય પસાર કરે અથવા પારકાં દળણાં દળે કે પાણી ભરે તે કરતાં તેની બુદ્ધિ શક્તિનો આવા કાર્યમાં સારો ઉપયોગ થાય છે. તેથી વિધવાના સવાલને રૂપ આપવા સાથે ધાત્રી કર્મ સુંદર થાય એવો બેવડો લાભ આ પ્રસુતિ ક્રિયાના સ્થાપનથી થતો હોઇ જરૂર કર્તવ્ય લાગે છે. આ વાત આનુષંગિત થઇ આપણે પ્રભુનું ધાત્રી કર્મ વગેરે દિગ્કુમારીઓએ કેવી રીતે કર્યું તે વિષય પર પાછા આવી જઇએ. ( ક્રમશઃ )

卐

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મના દલોનું કાર્ય

લેખકઃ–સાહિત્યચંદ્ર બાલચંદ હીરાચંદ, માલેગામ

પૃથ્વી ઉપરનું પાણી અને પાણીથી ભીના પદાર્થો સૂકાઇ જાય છે, ત્યારે તે પાણીનું શું થાય છે? એ પ્રશ્નનો જવાબ એકાદ નાનો વિદ્યાર્થી પણ કહી દેશે કે તે પાણીની વાફ કે વરાળ થઇ જાય છે વરાળ આંખે જોઇ શકાતી નથી છતા તે છે એવું બધા જ માને છે. યંત્રમાંથી નીકળતી વરાળ જણાય છે તે તો પાણીના બાષ્પીભવનનું પૂર્વરૂપ છે. વરાળ વાયુનું રૂપ ધારણ કરે છે, ત્યારે તે જોઇ શકાતી નથી. ત્યાર પછી આકાશમાં ઉંચે ચઢી તે અમુક ટાઇમ બાદ મેઘરૂપ ધારણ કરે છે. અને અનુકૂલતા મળતા તે ફરી પાણીનું અસલ રૂપ ધારણ કરે છે. એટલે આંખે જોઇ શકાય તેવુ પાણી થઇ જાય છે. એટલે પદાર્થનું હોવું એ આપણી આંખને દેખાય તો જ હોય એમ નથી. આપણી આંખની શક્તિ મર્યાદિત છે. એટલે ઘણા જડ પદાર્થો એવા છે કે, જે હોવા છતાં આપણે જોઈ શકતા નથી. રેડીઓ યંત્ર દ્વારા વાતાવરણમાં કંપતી લહેરો જન્મે છે. તે લહેરો દૃષ્ટિપથમાં ન આવે તેથી તે નથી એમ તો કહી શકાય જ નહીં. પાણીમાં કાંકરો નાંખતા જેવી પાણીમાં લહેરો જન્મે છે એવી જ શબ્દોથી ઉત્પન્ન થતી લહેરો આખા વાતાવરણમાં પ્રસરી જાય છે. કર્મના દલોનું પણ એમ જ આંદોલન થાય છે, અને વાદળાની પેઠે એનો પણ સમૂહ એકત્ર થાય છે. એ વિષય પરત્વે આપણે થોડો વિચાર કરીએ

જીવ માત્ર દરેક ક્ષણે કર્મ કર્યા જ કરે છે. એવી એક પણ ક્ષણ નથી કે જ્યારે જીવ કર્મ કરતો ન હોય. જાગતા કે સૂતા, રાતમાં કે દિવસમાં, બોલતા કે ચૂપ બેસતા, કર્મનું કાર્ય તો અખંડ રીતે ચાલ્યા જ કરે છે. આપણે સ્વસ્થ બેસી કાંઇ પણ નહીં કરવાનો નિશ્ચય કરી લઇએ અને એક જગ્યા ઉપર બેસી રહીએ ત્યારે પણ કર્મ તો ચાલ્યા જ કરે છે. આપણે શરીરથી કાર્ય કરતા ન હોઇએ, બોલતા ન હોઈએ તો પણ મનનું કાર્ય આપણે રોકી શકતા નથી. બાહ્ય દ્રષ્ટિમાં મનની હીલચાલ દેખાતી ન હોય તો પણ એનું કાર્ય શી રીતે બંધ થાય? મહાન તત્વવેત્તાઓ, યોગી મુનિઓ પણ મનનું કાર્ય રોકી શકતા નથી. મનનું કાર્ય અટકાવવું, મનને પોતાને અર્થાત્ આત્માને તાબે કરવું, એટલે મનોલય કરવો એ અત્યંત કપરૂ કાર્ય છે. યોગીઓ પોતાની સાધનામાં મન અને શરીર સાથે અત્યંત કઠોર યુદ્ધ કરે છે. અનેક જાતની તપશ્ચર્યા આદરે છે. મનને તાબે કરવા માટે અન્ન જલ ત્યાગ કરે છે. શરીરને અનેક પરિ-સહોના તાપમાં તપાવી મનને તાબે કરવા મથે છે. પણ એવા અનેક યોગીજનોમાંથી એકાદને મનોલય પ્રાપ્ત થાય છે. બાકીનાઓ તો એકાદ મોહના ક્ષુદ્ર ગણાતા સેવકને પણ તાબે થઈ પોતાની સાધના ઉપર પાણી ફેરવી દે છે. એ ઉપરથી ક્રિયાને રોકવી એટલે નિષ્ક્રિય થઇ જવુ એ અશક્ય નહીં તો અત્યંત દુષ્કર સાધના તો છે જ એમાં શંકા નથી. અનેક જન્મોની અખંડ સેવા અને મનોલયના અભ્યાસના પરિણામે એ વસ્તુ એકાદ ભાગ્યવાનને જ હાથ આવી જાય છે.

ભગવાન મહાવીરના આત્માએ મરીચીના ભવમાં એવુ કયુ ઘોર કર્મ કર્યું હતું કે જેથી તેમને અનેક જન્મોની પરંપરામાંથી પસાર થવું પડયું હતું? ફક્ત એક જ અનાયાસે સ્ફુરી આવેલો વિચાર! પોતાના ભાવી શિષ્ય આગળ પ્રભુ ઋષભદેવ પાસે તો ધર્મ છે જ, પણ મારી પાસે તે નથી એમ તો નથી જ. એટલા જ શબ્દોએ કેવડો અનર્થ જન્માવ્યો! આપણે તો દિવસ ઉગે છે અને એવી તો અનંત વિચારધારાઓ વહેતી મૂકીએ છીએ. 'આમ કરવાથી શું થવાનું છે, અને આમ નહીં કરવાથી શું લૂંટાઈ જવાનું છે?' એ વિચારશ્રેણી શું સૂચવે છે? એ બધી વસ્તુઓનો વિચાર આપણે ક્યારે કરવાના?

એકાદ વિચારધારા પ્રથમ મનના પુદ્ગલોનો કબજો મેળવે છે અને એક વિશિષ્ટ રંગથી તે રંગીત



For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી દે છે. તે દ્રઢ થતા આપણા દ્રવ્યમનમાં અંદોલનો જન્મે છે. અને તેને અનેક પુટો ચઢતા તે વિચાર ગાઢ, દ્રઢ અને સ્થૂલરૂપ ધારણ કરી લે છે. અને આપણી ઇંદ્રિયો દ્વારા આપણી વાસનાઓને પ્રજ્વલિત કરે છે. અને આપણા આત્માના પતનના શ્રીગણેશ મંડાય છે. એને મદદ આપવા માટે આપણી બુદ્ધિ દોડી આવે છે અને આપણા મનમાં જે કાચો ભાગ રહી ગએલો હશે તેને દ્રઢ કરવા તેનો પ્રયત્ન શરૂ થઈ જાય છે. પોતાના વિધાનને પુષ્ટી મળે એવા અનેક કારણો ગમે ત્યાંથી શોધી તે આપણા લુલા લાગતા વિચારોને પાકા કરે છે. અને આપણા સૂક્ષ્મ શરીરોમાં કાયમનો અડ્ડો જમાવી દે છે. અર્થાત્ મૂળના સામાન્ય લાગતા વિચારો આત્માની સાથે ઓતપ્રોત થઇ દ્રઢમૂલ થઇ એક નાગચૂડ પેદા કરે છે. એમાંથી છૂટવા માટે કેટલા જોરદાર આંદોલનો જગાવવા પડે એ ખુલુ જણાય છે. મરીચીએ પણ એમ જ કર્યું. પોતાની સેવા મેળવવાના સ્વાર્થના મોહજાળમાં એ ફસાયો. શિષ્ય મોહ જાગ્યો. નૂતન શિષ્યને પ્રભુ પાસે જતો રોકાય ત્યારે જ પોતાનો સ્વાર્થ સરે એમ લાગ્યું. શિષ્ય પણ શું તમારી પાસે ધર્મ નથી? એ પ્રશ્ન ઉપાડે છે. પરિસ્થિતિ અનુકૂળ જણાય છે. અને તરત જ કહી દે છે કે, મારી પાસે પણ ધર્મ તો છે જ. એ વાકયથી કાર્ય સરળ થઇ ગયું. તો પણ એ નવા વિચાર ઉપર ઉહાપોહ જાગ્યો. બુદ્ધિએ સૂચવ્યું કે, પ્રભુનો ધર્મ ખોટો છે એમ મેં કયાં કહ્યું છે? તે બાદ પોતાનો વિચાર દ્રઢ કરી આત્મસંતોષ મેળવવા માટે વિચાર કરે છે કે, હું કયાં બધો જ અધર્મ કરી રહ્યો છું? થોડી ઘણી તપશ્ચર્યા તો હું પણ કરું છું જ. મારામાં શિથિલતા છે, એ કબુલ રાખું તો પણ મારા કરતા હલકા અને નીચા દરજાના લોકો કયાં ઓછા છે? મનને મનાવી લઇ પોતાના પગલાનું સમર્થન કરવા માટે કેવી કેવી યુક્તિઓ એ યોજે છે એનો એ નમુનો છે આમ વિચાર કર્યો. પરિસ્થિતિ અનુકૂળ કરી લીધી, બુદ્ધિની કસોટી ઉપર વિચારોની પરીક્ષા કરી પોતાના વિચારો દ્રઢતમ કરી લીધા. એનો જ અર્થ 'ચિકણા કર્મો' થાય છે. એવા ચિકણા કરી મૂકેલા કર્મનો મળ ધોઇ નાખવા માટે એકાદ બે જન્મનું કાર્ય શી રીતે સમર્થ થાય? જેની ઉપર અનેક પડો બાઝી ગએલા હોય તે દૂર કરવા અત્યંત કઠણ છે.

કર્મ પેદા થાય છે ત્યારે તો તે અત્યંત સૂક્ષ્મ રૂપમાં હોય છે. એનું એટલું જોર પ્રારંભમાં હોતુ નથી. પણ આપણે જ તેનું જોર વધારી તેનાં ઉંડા મૂળો આપણા આત્મામાં નાંખી દઇએ છીએ. તેને પછી ઉખેડી નાખવા માટે આપણે અશક્ત બનીએ છીએ. આપણા દુશ્મનને તેની મીઠી ભાષા ઉપર લોભાઈને આપણે આપણા ઘરમાં વસાવીએ અને પછી તેને કાઢવા માટે પ્રયત્ન કરતાં આપણા પરિશ્રમ વ્યર્થ જાય અને આપણું ઘર દીર્ઘકાલ પચાવી બેસે એવો એ ઘાટ છે!

આત્માની શક્તિ અનંતી છે એવું શાસ્ત્રકારો પોકારી કહે છે. ત્યારે એ શક્તિ ગઇ કયાં? જવાબમાં સમજી લ્યો કે એ આપણી પોતીકી શક્તિને આપણે હાથે કરી આવરી નાંખી છે! રૂંધી નાખી છે! હાથે કરેલા હૈયે વાગ્યા છે. એમાં બીજાનો શો દોષ? એ કર્મના કાર્યો રોકવા માટે આપણે કાંઈ નહીં કરીએ? જુના કર્મો તો પોતાનો ટેક્સ લીધા વિના જવાના જ નથી. એ નાગપાશમાંથી મુક્ત થવાનો માર્ગ ગુરૂકૃપાથી આપણને સાંપડે એ જ અભ્યર્થના!



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મહાવીરસ્વામીના ‘ત્રિદંડી’ તરીકેના સાત ભવો

પ્રો. હીરાલાલ ર. કાપડિયા એમ. એ

શ્રમણ ભગવાન મહાવીરસ્વામીના મુખ્ય ૨૭ ભવો ગણાવાય છે. તેમાં નયસાર એ એમનો પ્રથમ ભવ છે અને એ ભવમાં એમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ હોઈ એ ભવ ગણનાપાત્ર છે. એમનો બીજો ભવ સૌધર્મ ’ દેવલોકમાં દેવ તરીકેનો છે. એમનો ત્રીજો ભવ મરીચિ તરીકેનો છે. એ ભવમાં જૈન શ્રમણત્વ સ્વીકાર્યા બાદ એની દુષ્કરતાને પહોંચી વળાતું નથી એમ જણાતાં એઓ ‘ત્રિદંડી’ બન્યા. આ સંબંધમાં ‘કલિકાલસર્વજ્ઞ’ હેમચન્દ્રસૂરિએ ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર (પર્વ ૧૦, સર્ગ ૧, શ્લોક ૩૬-૪૨)માં નીચે મુજબનું કથન રજૂ કર્યું છે:—

(૧) શ્રમણો (મનોદંડ, કાયદંડ અને વચન દંડ એમ) ત્રણ દંડોથી વિરમેલા છે જ્યારે હું તો એ દંડોથી જિતાયેલો છું વાસ્તે મારું લાંછન ‘ત્રિદંડી’ હો.

(૨) એ શ્રમણો કેશનો લોચ કરવા વડે ‘મુંડ’ છે તો હું ક્ષુર યાને અસ્ત્રા વડે મુંડ બનું અને શિખા ધારણ કરું.

(૩) એઓ મહાવ્રતધારી છે તો હું અણુવ્રત-ધારી બનું.

(૪) એ મુનિઓ નિષ્કિંચન યાને પરિગ્રહથી રહિત છે તો હું મુદ્રિકા વગેરે રાખું.

(૫) એઓ મોહથી રહિત છે જ્યારે હું તો મોહથી આચ્છાદિત છું. વાસ્તે છત્ર રાખું.

(૬) એ મહર્ષિઓ જોડા પહેર્યા વિના સંચરે છે તો પગના રક્ષણાર્થે હું જોડા પહેરું.

(૭) એઓ શીલ વડે સુગંધી છે, જ્યારે હું તો શીલ વડે તેવો નથી. વાસ્તે સુંગધ માટે મને ચંદનનું તિલક ઈત્યાદિ હો.

(૮) એ શ્વેત અને જીર્ણ વસ્ત્ર ધારણ કરેલા મહર્ષિઓ (ક્રોધાદિ) કષાયોથી મુક્ત છે, જ્યારે હું તો કષાયોથી મુક્ત નથી વાસ્તે મારાં વસ્ત્ર કષાય રંગવાળા હો.

(૯) જળનો આરંભ ઘણા જીવોને ઉપમર્દક હોઈ એ આરંભ એમણે ત્યજી દીધો છે જ્યારે મને પરિમિત જળ વડે સ્નાન અને પાન હો.

આ પ્રમાણે વિચારીને લિંગના નિર્વાહ માટે મરીચિ પરિવ્રાજક બન્યા. મરીચિ આયુષ્ય પૂર્ણ થતાં ‘બ્રહ્મલોક’માં દેવ તરીકે ઉત્પન્ન થયા ત્યાંથી ચ્યવીને એઓ કૌશિક બ્રાહ્મણ તરીકે અવતર્યા અને ઉપર ‘ત્રિદંડી’ બન્યા.

પછી અનેક ભવો કર્યા બાદ એઓ પુષ્પમિત્ર બ્રાહ્મણ તરીકે જન્મ્યા અને એ ભવમાં એઓ ‘ત્રિદંડી’ બન્યા.

મૃત્યુ થતાં એઓ ‘સૌધર્મ’ દેવલોકમાં ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવી અગ્ન્યુદ્દ્યોત બ્રાહ્મણ તરીકે અવતર્યા અને ‘ત્રિદંડી’ બન્યા.

એઓ આયુષ્ય પૂર્ણ થતાં ઐશાન દેવલોકમાં ઉત્પન્ન થયા અને ત્યાંથી ચ્યવી અગ્નિભૂતિ બ્રાહ્મણ તરીકે અવતરી કાલાંતરે ‘ત્રિદંડી’ બન્યા.

મૃત્યુ બાદ એઓ ‘સનત્કુમાર’માં દેવ થયા.

ત્યાંથી ચ્યવી ભારદ્વાજ દ્વિજ તરીકે ઉત્પન્ન થયા અને એ ભવમાં પણ ‘ત્રિદંડી’ બન્યા.

અવસાન થતાં ‘માહેન્દ્ર’ કલ્પમાં દેવ થયા.

ત્યાંથી ચ્યવી ભવભ્રમણ કરી સ્થાવર દ્વિજ થયા અને આગળ ઉપર ‘ત્રિદંડી’ બન્યા.

આ પછી એઓ લાંબે ગાળે મોક્ષે ગયા એ દરમ્યાનના કોઈ પણ ભવમાં ત્રિદંડી બન્યા નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમકિત અંગે તાત્વિક વિચારણા

(૩)

લેખક: શાહ ચતુર્ભુજ જેચંદ

[આ માસીકના પોષ-મહા તથા ફાગણુ માસના અંકોમાં આ લેખના વિષય ઉપર બે લેખો આપેલ છે. આ ત્રીજા લેખમાં સમ્કિતના જીવનમાં કેવો વિકાસ થાય છે, તેની વિચારધારા પ્રવૃત્તિ કેવી હોય છે વગેરે બાબત ઉપર વિચારવાનું પ્રાપ્ત થાય છે.]

જીવાત્માને એક વખત સમકિત પ્રાપ્ત થયા પછી સમકિત ચાલુ રહે ત્યાં સુધી તેના જીવનમાં વિચાર અને વર્તનમાં અસાધારણુ પલટો આવે છે. અગાઉ તીવ્ર રાગદ્વેષ રૂપી ગ્રંથી જે સુષુપ્તપણે કે પ્રગટપણે રહેતી હતી તેનો વિચ્છેદ થતાં જીવાત્મા પ્રથમ અનુપમ ઉપશમ ભાવને પામે છે. સંસારના કોઇપણુ સંબંધ કે પદાર્થ પ્રત્યે તેને તીવ્ર રાગદ્વેષ પેદા થતાં નથી. શાસ્ત્રમાં જેને અનંતાનુબંધી કષાયો કહે છે કે જેના ઉદયથી અતિ તીવ્ર ક્રોધાદિક કષાયોના પરિણામે જીવાત્માને અનંતકાળ સુધી સંસારમાં ભ્રમણુ કરાવનાર કર્મબંધ થાય છે તે સમકિત હોય ત્યાં સુધી ઉદયમાં આવતુ નથી, અને નવુ બંધાતુ નથી. જે જીવો બીજા પ્રત્યે ભવોભવ અથવા દીર્ઘકાલીન વૈરભાવ રાખે, અત્યંત માન અહંકાર, માયા-કપટ ભાવ રાખે, અત્યંત લોભ-પરિગ્રહ વૃત્તિ રાખે, તેવા જીવને સમકિત પ્રાપ્ત થાય નહિ; સમકિતના પ્રથમ લક્ષણુ રૂપ પ્રશમ ભાવ પેદા થાય નહિ; સમકિત અને પ્રશમ ભાવ પ્રાપ્ત થયા હોય તો તેવા અનંતાનુબંધી કષાયનો ઉદય થતાં તે વમી નાખે; મોક્ષ ફળની પ્રાપ્તિ માટે સમમકિતરૂપી બીજનો નાશ થાય; મોક્ષ માર્ગમાં પ્રકાશરૂપ મહામૂલ્ય સમકિત રૂપી રત્ન ખોઈ બેસે. સમકિત પ્રાપ્તીમાં અવરોધક અને ઘાતક અનંતાનુબંધી કષાયો તીવ્ર રાગદ્વેષનોજ પરિપાક છે. એટલે સમકિત રૂપી મહામૂલ્ય રત્ન પ્રાપ્ત થયા પછી તે સાચવી રાખવું હોય તો જીવાત્માએ સંસારના કોઈ પણુ સંબંધ કે પદાર્થ પ્રત્યે તીવ્ર રાગદ્વેષ ભાવ ધારણુ કરવો જોઇએ નહિ. જૈન શાસ્ત્ર અનુસાર સમકિતિ જીવે બીજા પ્રત્યે જીવનના અંત કે ભવોભવ સુધીના વૈરભાવ વગેરે કષાયોનું સેવન તો નહિ જ કરવું જોઇએ, પણુ એક વર્ષ સુધીમાં સાંવત્સરીક પ્રતિક્રમણુ કરી સર્વ જીવો પ્રત્યે વૈરભાવનો ત્યાગ કરી ક્ષમાવૃત્તિ ધારણુ કરી હૃદયના સાચા ભાવથી ખમત ખામણા પૂર્વક મિથ્યા દુષ્કૃત દેવુ જોઈએ. જૈન ધર્મમાં સાંવત્સરિક પ્રતિક્રમણુ અને ખમત ખામણાની પ્રક્રિયા સમકિતના રક્ષણુ તેમજ જૈન શાસનના ભૂષણ રૂપ છે.

સમકિતી જીવને પણુ સંસારના વ્યવહારમાં રાગદ્વેષ

---

(પેજ ૮૦ થી શરૂ)

આમ હોઇ એઓ એકંદર સાત વાર ત્રિદંડી બન્યા હતા. એને લગતાં એમનાં નામ નીચે મુજબ છે:—

(૧) મરીચિ, (૨) કૌશિક, (૩) પુષ્પમિત્ર, (૩) અગ્ન્યુદ્દ્યોત, (૫) અગ્નિભૂતિ, (૬) ભારદ્વાજ અને (૭) સ્થાવિર.

'મરીચિ' તરીકેનો ભવ બાજુએ રાખતાં બાકીના ઉપર્યુક્ત છ યે ભવમાં એઓ બ્રાહ્મણુ તરીકે જન્મ્યા હતા.

**ત્રિદંડીનો વેષ**—મરીચિ ત્રિદંડી બન્યા ત્યારે એમનો વેષ નીચે પ્રમાણે હતો:—

(૧-૨) માથું મુંડાવેલું અને માથા ઉપર શિખા.
(૩) લલાટે ચંદનનું તિલક.
(૪) કષાય રંગનું વસ્ત્ર,
(૫) હાથમાં ત્રિદંડ.
(૬) મસ્તક ઉપર છત્ર.
(૭) હાથમાં મુદ્રિકા.
(૮) પગમાં જોડા.

આ વિગતો લક્ષ્યમાં લઇ ત્રિદંડીનું ચિત્ર આલેખી શકાય.



For Private And Personal Use Only

બાંધવાના ઘણા નિમિત્તો પ્રસંગો આવે છે. તે પ્રસંગો રાગ મમતા આસકિત પેદા થાય તેવા સુખરૂપ પણ હોય, અને દ્વેષ ક્રોધ કલેશ પેદા થાય તેવા દુઃખ રૂપ પણ હોય. પણ મનુષ્ય ભવ કે દેવગતિના ગમે તેવા સુખ ભોગ ઉપભોગના સાધનોમાં, વૈભવ વિલાસમાં અત્યંત રાચવું નહિ. અત્યંત રાગ મમતા આસકિત સેવવા નહિ, તેમજ અત્યંત લુબ્ધ થવુ નહિ તે બાબત સમકિતિ જીવે સતત્ જાગૃતિ સાવધાની રાખવાની જરૂર છે. રાગ, મમતા, આસકિત એવી છૂપી રીતે, અજાણ પણે, બીજાને દેખાય નહિ તેવી રીતે કામ કરે છે કે મોક્ષાભિલાષી જીવે દ્વેષ કરતાં રાગ પ્રત્યે વધારે સાવધાની રાખવાની જરૂર છે. દ્વેષ, ક્રોધ, માન, માયા કપટ ભાવ જલ્દી દેખાઇ આવે છે અને સામાન્ય લોકલજ્જાની ખાતર પણ તેને કાબુમાં રાખવા પડે છે. કોઇ પણ સમજુ માણસ અત્યંત ક્રોધ અને દ્વેષ નહિ કરે; કારણ કે દ્વેષ અને તેમાંથી પરિણમતા ક્રોધ માન અહંકાર માણસને માનસીક રીતે સતત્ સતાવે છે, તેની સફળતામાં પણ સુખ શાંતિ પામવા દેતાં નથી અને સુખ કરતા વધારે માનસિક દુઃખ અશાંતિ આપે છે. ક્રોધી દ્વેષીલા માણસની મુખમુદ્રાજ તેનું પ્રદર્શન કરે છે કોઈ પણ ક્રોધી કે દ્વેષીલો જીવ માનસિક સુખશાંતિ પામે નહિ તો મોક્ષમાર્ગમાં આવશ્યક પ્રશમ ઉપશમ કે સમભાવ પ્રાપ્ત કરેજ કેવી રીતે ! એ દ્વેષ કે ક્રોધ અનંતાનુબંધી અથવા આત્યંતિક હોય તો સમકિતના મૂળ લક્ષણ પ્રશમભાવનો અને સમકિતનો પણ ઘાતક થાય.

સમકિતિ જીવે આત્યંતિક દ્વેષ અથવા ક્રોધનો ત્યાગ કરવો જોઇએ તે આચરવું મુશ્કેલ છતાં સમજવું સહેલું છે. પણ તેવીજ રીતે આત્યંતિક રાગનો, આ ભવ પરભવમાં પૌદ્ગલિક સુખ સાધનો મેળવવા, તેમાં મરણ પર્યંત અને પરભવમાં પણ મમતા આસક્તિ રાખવી તેવી રાગદશાનો ત્યાગ કરવો તે આચરવું ઘણું મુશ્કેલતો છે જ પણ તે કરતાં તે વાત સમજવી અતિ મુશ્કેલ છે.

ઘણી સારી દેખાતી ધર્મક્રિયા પણ નિયાણારૂપે અત્યંત પૌદ્ગલિક સુખાભિલાષ વાંછનાથી કરવામાં આવે તો તે વિષ અને ગરળ ક્રિયા રૂપે સમકિત ઘાતક, આત્મ ઘાતક, ઘણા ભવ ભ્રમણ કરાવનાર નીવડે છે. અનાદિ કાળથી જીવાત્માનો મોટામાં મોટો આંતરિક શત્રુ રાગ અથવા પૌદ્ગલીક સુખ ભાવના છે, અને ઘણીવાર રાગમાંથીજ દ્વેષ જન્મે છે જીવે માનેલા પૌદ્ગલિક સુખ આડે જે કોઈ આવે તેની સામે ક્રોધ અથવા દ્વેષ જન્મે છે. એ રાગ રૂપી વિષ-બીજમાંથી જ દ્વેષ ક્રોધ માન માયા લોભ હિંસાદિક પાપસ્થાનક રૂપી મહાન વિષ વૃક્ષ વધે છે અને ચારે બાજુ ફેલાય છે. આ સંસારમાં જે કોઈ દુઃખ અશાંતિ કલેષ ભયંકર હિંસાદિક પ્રવૃત્તિઓ વિગેરે જોવામાં આવે છે તે સંસારી જીવોમાં રહેલા રાગ અને તેમાંથી પરિણમતા દ્વેષ ક્રોધાદિક કષાયોનો જ પરિપાક વિપાક છે.

સંસારી જીવને કોઇ પુણ્યોદયે પૌદ્ગલિક સુખભોગના શરીરાદિક સુખ સંપત્તિ વૈભવ વિલાસના ગમે તેટલા સાધનો મળે તે કોઇ શાશ્વતકાળ ચિરસ્થાયી ટકતા નથી. દેવગતિમાં પૌદ્ગલિક સુખ સાધનો દેવના આયુષ્ય પર્યંત ટકે તોપણ આયુષ્ય પૂરૂ થતાં તે સર્વ છોડીને મનુષ્ય કે તીર્યંચ ગતિમાં જવાનું થશે અને ત્યાં કોઇ દેવભવ જેવુ સુખ મળવાનુ નથી પણ ઓછે વધતે અંશે દુઃખ ભોગવવું પડશે તેવુ આયુષ્ય પૂરૂ થવા અગાઉ દેવોને થતું જ્ઞાન તેમને ઘણાજ વિહ્વળ, અશાંત દુઃખી બનાવે છે. મનુષ્ય ભવમાં જન્મથી માંડી મરણ પર્યંત પૌદ્ગલિક સુખ કોઇને પ્રાપ્ત થતું નથી. મનુષ્ય ભવના સુખ સાધનો અલ્પ અને અલ્પજીવી હોય છે. ઘણા મોટા ભાગના મનુષ્યોને સુખ કરતા દુઃખ વિશેષ વેઠવા પડે છે. સાધન સપન્ન સુખી ગણાતા માણસોને પણ કેવા માનસિક દુઃખ અશાંતિ હોય છે તે તેઓજ જાણતા હોય છે. તે સુખી ગણાતા માણસોના સુખમાં કોઈ અંતરાય પડે, નુકશાની આવે, સુખના સાધનો ઓછા થાય કે ચાલ્યા જાય, માંદગી, વૃદ્ધાવસ્થા, કુટુંબ કલેશ, ઉપાધિઓ આવે ત્યારે તેમના સુખ વૈભવ વિલાસમાં કેવી આગ લાગે છે તે તેવી સ્થિતિમાં મૂકાનારજ બરોબર સમજે. કદાચ કોઈ જીવન પર્યંત સુખ ભોગવવા ભાગ્યશાળી થાય તો છેવટ મૃત્યુ તો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવવાનું જ ! તે સાથે ગમે તેવું સારૂ શરીર અને સુખદાયક સંબંધો સાધનો છોડીને જ જવાનું ! તેથી જેઓને આ સંસારના પૌદ્‌ગલિક સુખ સાધનોમાં ઘણો રાગ હોય છે અને તે રાગ અત્યંત કોટિનો હોય તો ગમે તેવું પૌદ્‌ગલિક સુખ ભોગવવા છતાં તેના આત્માને કદી શાંતિ મળતી નથી. જેમાં વૃત્તિઓ તદ્દન શાંત થઈ જાય તેવું પ્રશમભાવનું અનુપમ સુખ થોડો સમય પણ કદી મળતું નથી. પૌદ્‌ગલિક સાધનોથી જે કાંઈ સુખ મળે તે શારીરિક અને માનસિક હોય છે સીનેમાના ચલચિત્રો માફક કૃત્રિમ ભ્રાંત અને ચલિત હોય છે. પૌદ્‌ગલિક સુખ માત્ર પરાવલંબી અને ઘણુ કરી ક્ષણજીવી હોય છે. પૌદ્‌ગલિક સુખ માટેની ઇચ્છાઓ, લાલસા નિત્ય નવી પેદા થાય છે. ઇચ્છાઓ સંતોષાય તે કરતા ઘણી નવી વધારે પેદા થાય છે. ઇચ્છાઓ આકાશ જેટલી અનંત અમર્યાદિત છે. લોકાકાશ ચૌદરાજ લોક પૂરતુ મર્યાદિત છે પણ લોકાકાશ બહાર અલોકના આકાશ અનંત અમર્યાદિત છે તેમ ઇચ્છાઓ અથવા રાગ દશા અનંત અમર્યાદિત છે અને સ્વરૂપે જે અનંત હોય તેનો અંત અથવા શાંતિ તૃપ્તિ થાય કેવી રીતે ? તેવી ઇચ્છાઓને અત્યંત રાગદશાને જેઓ આધીન હોય તે પૌદ્‌ગલિક સુખથી પર એવા આત્માના પ્રશમ ભાવ. સમભાવ, શાંત સુધારસના સુખને પામે કેવી રીતે ?

એટલે સમકિત ધારી જીવાત્માએ તથા સમકિત પ્રાપ્ત કરવાની ભાવના વાળાએ આ સંસારમાં અન્ય કોઈ જીવ પ્રત્યે કે પોતાના શરીર સહિત અન્ય કોઇ પદાર્થ પ્રત્યે અત્યંત રાગ અથવા દ્વેષભાવ ધારણ કરવો જોઇએ નહિ તો જ સમકિતના મૂળ ગુણ અથવા પ્રથમ લક્ષણ રૂપ પ્રશમભાવની પ્રાપ્તિ અને રક્ષણ થાય. તે પ્રશમભાવને અત્યંત રાગદ્વેષ કેવા અંતરાય રૂપ, ભયંકર કારમા દુઃખ રૂપ અને ઘાતક છે તે સમજવા આટલા વિસ્તારથી લખેલ છે. પણ તે પ્રશમ ભાવના વિરોધી રાગદ્વેષ અને કષાય ભાવના ત્યાગની નિષેધાત્મક દૃષ્ટિએ લખેલ છે. તેનું કારણએ છે કે જીવાત્મા અનાદિકાળથી મિથ્યાત્વ, રાગદ્વેષ, કષાયાદિક ભાવ અને તેમાંથી પરિણમતા ભવપરંપરાના રોગ-ગ્રસ્ત ભાવથી જકડાએલો ઘેરાએલો છે, અને તે આત્માના સ્વાભાવિક ગુણ પ્રશમભાવને પ્રાપ્ત થવા દેતા નથી. જેમ માંદા માણસે આરોગ્ય પ્રાપ્તિ માટે તેના શરીરના રોગને દોષને સમજવા જોઇએ અને તે દૂર કરવાના પ્રયાસો કરવા જોઇએ તેમ આત્માના શુદ્ધ આરોગ્યમય સ્વભાવિક ગુણ પ્રશમભાવની પ્રાપ્તિ માટે તેમાં અંતરાય વિઘ્ન રૂપ રાગદ્વેષ કષાયાદિક ભાવ સમજીને તે દૂર કરવા જોઇએ. આ લેખમાળાનો ઉદ્દેશ સમકિત વિષે વિચારણા અને સમકિત પ્રાપ્તિથી થતાં તેનાં પ્રભાવિક પ્રશમાદિક ગુણો સમજવાનો છે, તેથી હવે પ્રશમ ભાવના ગુણનો વિચાર કરશું.

પ્રશમભાવ એક એવો ગુણ છે કે જેનાથી જીવાત્માને તેના ગુણસ્થાનક વિકાસ પ્રમાણે આત્માના સ્વભાવિક શાંતશિતળ ગુણનો અનુભવ થાય છે. આત્માનો સ્વભાવ, ઉપશમભાવ, સમભાવ, પ્રશમભાવ એ સર્વ આત્માના ગુણોના પર્યાય વાચક શબ્દો છે. અગ્નિથી બળતા દાવાનળમાં સપડાએલા મનુષ્યને કોઇ ઉપાયથી બહાર કાઢી ચંદનાદિ લેપથી તેના અગ્નિને શાંત કરવામાં આવે, અગ્નિની વેદનામાંથી મુક્ત થતા જીવ ચંદનની જે ઠંડક, શીતળતા, સુવાસ અનુભવે તેમ અનાદિકાળથી મિથ્યાત્વ કષાયાદિક દાવાનળથી ઘેરાએલો મનુષ્ય સમકિત પ્રાપ્તિથી ચંદનની શીતળતા અનુભવે. ખારા રણ કે સૂકા જંગલમાં ઘણા વખતથી રઝળતો અને મીઠાજળના અભાવે તરફડતો તૃષાતુર માણસને કોઇ પ્રયાસે મીઠા શીતળ જળનો વીરડો હાથ લાગે અને જાણે મરણ સન્મુખ માણસને અમૃતરસ મળ્યો હોય તેમ શીતળ મીઠા જળના પાનથી તેની તૃષાની પીડા શાંત થાય તેવો પ્રશમરસનો અનુભવ છે. આવા પ્રશમ-રસનો અનુભવ અનાદિકાલીન મિથ્યાત્વી જીવને પ્રથમ સમકિત પ્રાપ્તિ વખતે થાય છે તે સમકિત ઔપશમિક પ્રકારનું હોય છે અને તે અંતર્મુહૂર્ત કાળ સુધીજ એટલે અડતાલીસ મીનીટ સુધી ટકે છે. તે પછી જીવાત્માને કોઇ કારણસર ફરી મિથ્યાત્વ અથવા અનંતાનુબંધી કષાયનો ઉદય થાય નહી તો તે સમકિત પ્રાયઃ ક્ષયોપશમિક સમકિતરૂપે પરિણમે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. સમકિતના ઉપશમ, ક્ષયોપશમ, ક્ષાયિક એ ત્રણ પ્રકારે, પૈકી પ્રથમ ઉપશમ સમકિત પછી તુરત ક્ષાયિક સમકિત કદાચિત જ કોઇને અપવાદરૂપે પ્રાપ્ત થાય છે. ક્ષાયિક સમકિત પ્રશમભાવને માટે ઉત્કૃષ્ટ પ્રકારનું સમકિન છે. આ કાળમાં ક્ષાયિક સમકિત વિચ્છેદ પામેલ ગણાય છે. તેથી ઘણું કરીને ઉપશમ સમકિત પછી ક્ષયોપશમ સમકિત અથવા મિથ્યાત્વ પરિણુતિ થાય છે. મિથ્યાત્વની પરિણુતિમાં જીવાત્માનો બહારથી ગમે તેવો શાંત સૌમ્ય સ્વભાવ દેખાય છતાં તેને આત્મિક અથવા તાત્વિક પ્રશમભાવનો કાંઈ અનુભવ થતો નથી. પણ ક્ષયોપશમ સમકિત હોય ત્યાં સુધી ગમે તેવી આધિ વ્યાધિ ઉપાધિ વિપત્તિ વિકટ પરિસ્થિતિમાં પણ ઓછે વધતે અંશે પ્રશમભાવ, આત્માની પ્રસન્નતા, પાકૃતિક સૌમ્યતા ચાલુ રહે છે. સંપત્તિ કે વિપત્તિમાં તે સમભાવ અનુભવે છે. પ્રથમ સમકિત પ્રાપ્તિ પછી પણ અનાદિકાળથી કર્મબદ્ધ અવસ્થામાંથી મુક્ત થવા જીવાત્માને ઘણા ઘણા અસંખ્યાતા અનંતાભવો ધારણુ કરવા પડે છે અને ફરી ફરી સમકિતરૂપે આત્માનું ઉત્થાન અને મિથ્યાત્વરૂપે પતન થયા કરે છે અને તેમાં વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્ત સમય એટલે અનંતિ અવસર્પીણી ઉત્સર્પીણી જેટલો કાળ પસાર થાય છે. તેટલા કાળમાં ક્ષાયિક સમકિત અને તેના પરિણામે તેજ ભવમાં અથવા ત્રીજા ભવે સંસાર મુક્ત થતા સુધીમાં ઘણો વખત ક્ષયોપશમ સમકિત પ્રાપ્ત થાય છે. અને તેથી ઘણો વધારે વખત મિથ્યાત્વ દશામાં પસાર થાય છે. એટલે આ સંસારના અનંતા ભાવભ્રમણુ કાળમાં જીવાત્મા બહુ થોડો વખત સમકિત અને તેના પ્રશમભાવનો અનુભવ કરે છે. આત્માનો સંપૂર્ણ પ્રશમભાવ સમભાવ ગુણ તો કેવળી અવસ્થામાં જ પ્રાપ્ત થાય છે અને આયુષ્યને અંતે કેવળી ભગવંત સંસારથી મુકત થતાં સિદ્ધિપદને પામતા અનંત જ્ઞાનદર્શન ચારિત્રાદિ ગુણોની સાથે શાશ્વત કાળ પ્રશમભાવના સુખને પામે છે. એટલે સમકિત પ્રાપ્તિ અને તેથી પ્રાપ્ત થતા પ્રશમભાવનું મહત્વ કેટલું છે તે સમજાશે. જીવાત્માને સમકિત પ્રાપ્તિ સાથે પ્રથમ તો અવિરતિ સમ્યક્દ્રષ્ટિનું ચતુર્થ ગુણુસ્થાનક પ્રાપ્ત થાય છે. તે પછી ક્રમક્રમે દેશવિરતિ અને સર્વવિરતિરૂપ પાંચમું છઠ્ઠું સાતમું ગુણુસ્થાનક વગેરે ઉપર ઉપરના ગુણસ્થાનકો આધ્યાત્મિક વિકાસ અનુસાર પ્રાપ્ત થાય છે. ચતુર્થ ગુણસ્થાનકે મિથ્યાત્વ અને તેમાંથી પરિણમતા રાગ-દ્વેષજન્ય અનંતાનુબંધ કષાયોનો ઉદય હોતો નથી. જે હોય છે. તે અપ્રત્યાખ્યાનાવરણીય કષાયોનો ઉદય હોય છે તે પછીના ગુણસ્થાનકોમાં પ્રત્યાખ્યાનાવરણીય અથવા સંજવલન કષાયોનો ઉદય હોય છે. પાંચમા દેશવિરતિ ગુણસ્થાનકમાં પ્રત્યાખ્યાનાવરણીયનો અને તે પછીના પ્રમત્ત અપ્રમત્ત સર્વવિરતિથી બારમા ક્ષીણુ મોહ ગુણુસ્થાનકમાં ઉત્તરોત્તર મંદ મંદ સંજવલન કષાયનો ઉદય હોય છે. તે ઉંચે ચડતા ગુણસ્થાનકોમાં પ્રશમભાવનો ગુણ વધારે ને વધારે પ્રગટે છે. તેરમા ચૌદમા સયોગી અયોગી કેવલી ગુણસ્થાનકમાં તથા સિદ્ધિપદમાં કષાયનો તદ્દન અભાવ અને પ્રશમભાવનો સંપૂર્ણ પ્રભાવ પ્રકાશ હોય છે. એટલે ગુણસ્થાનકની પ્રાપ્તિ અનુસાર અથવા આધ્યાત્મિક વિકાસ અનુસાર જીવાત્મા પ્રશમભાવનો ઉત્તરોઉત્તર વિશેષ અને છેવટ સંપૂર્ણ અનુભવ કરે છે. સમકિત આત્મા પ્રશમભાવનો પોતે અનુભવ કરે છે એટલું જ નહિ પણ તેમના સહવાસમાં સાન્નિધ્યમાં આવનાર બીજાઓને પણ તેમના પ્રશમભાવના ગુણનો સ્પર્શ પરામર્શ થાય છે. સંત મહાત્મા પુરૂષોનો સાન્નિધ્યમાં મનુષ્યો તો શું પશુ-પંખી પણ જાતિગત વેરઝેર ભૂલી જઇ સૌ સાથે રહે છે, રાગ-દ્વેષ વિષય કષાયો મંદ પડી જાય છે, માન અભિમાન ગર્વ ટળી જાય છે, અને આત્માની, ચિત્તની એક પ્રકારની પરમ શાંતિ-પ્રસન્નતા અનુભવે છે. આ બધો પ્રશમ ગુણનો અને પ્રશમ ગણુના મૂળ આધાર સમકિતનો પ્રભાવ છે. ખરી રીતે તે અનુભવગંમ્ય છતાં વર્ણનાતિત છે.

હવે પછીના લેખમાં સમકિતના પાંચ લિંગો-લક્ષણો પૈકી બીજા ત્રીજા લિંગ સંવેગ અને નિર્વેદ ઉપર વિવેચન થશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભક્તિ

(ડૉ. વલભદાસ નેણસીભાઈ – મોરબી)

શાસ્ત્રો અને સત્પુરૂષો કહે છે કે ભક્તિ તો ખાંડાની ધાર છે. તેના ઉપર ચાલવું તે કાંઈ બચ્ચાંના ખેલ નથી, ભોગનો રાગ જેટલો ઓછો થાય તેટલો જ વૈરાગ્ય કેળવાય છે, અને સાચા વૈરાગ્ય વિના ભક્તિ થઈ શકે ખરી? જેમનો લૌકિક રાગનો ત્યાગ ઉજ્જવળ છે, વૈરાગ્ય દૃઢ અને મજબુત છે, એજ ભક્તિ કરી શકે છે. માયાની મોહિની નાની સુની નથી. એતો ભલભલાને મ્હાત કરી નાંખે છે અને ભક્તિના માર્ગથી પાડી જમીન દોસ્ત કરી મુકે છે. ભક્તિનું મન જો ભોગ વિલાસમાં રચ્યુ પચ્યું રહેતું હોય તો તે ભોગ વિલાસના ત્યાગ વિના સાચી ભક્તિ થઇ શકતી નથી. બાળક બળતા દીવામાં હાથ નાંખે છે; મા અનેક વચનો કહી સમજાવીને વારે છે પણ જ્યારે તે માનતો જ નથી ત્યારે મા છેવટે લાચાર બની દીવાને ઉંચે મુકે છે અગર હારી નાંખે છે. એમાં માનો હેતુ બાળકના રક્ષણ સિવાય બીજો કાંઈ નથી. તે પ્રમાણે ભોગ વિલાસની સામગ્રીના ત્યાગ વિના શુદ્ધ ભક્તિ થઈ શકતી નથી. ભક્તિને આથી અડચણ પડે, મુશ્કેલી પણ નડે, પણ જ્યાં અંતર શુદ્ધિ સુધારણાનો સવાલ છે ત્યાં બીજો શું ઉપાય? અડચણ કે અગવડ ભોગવ્યા વિના આરામ મળતો નથી તેમજ આકરા દુઃખ સહન કર્યા વિના મહાન સુખ મળતા નથી, તે મુજબ ભક્તિનો રસ્તો કાંઈ એશ આરામ કે બાદશાહી નથી. એને માટે અગવડ પણ વેઠવી પડે અને કઠણ કસોટીમાંથી પસાર થવું પડે.

ભક્તિની પ્રાપ્તિ માટે દૃઢ નિશ્ચય પૂર્વકનો ત્યાગ અને આકરો વૈરાગ્ય જીવનમાં ઉતારવો એજ એની પ્રાપ્તિની કિંમત છે. ભક્તિનો માર્ગ સરલ સાધના વિનાનો હોતાં એને માટે કાંઈ કરવું પડતું ન હોત અને ભોગ વિલાસ ઉડાવતાં ઉડાવતાં, ખૂબ ખાતાં પીતાં સૂતાં મળી જતો હોત તો હજારો શ્રીમંત અને રાજા મહારાજાઓએ એની પ્રાપ્તિ કરી હોત, પણ તેમ બનતું નથી. ભક્તિનો માર્ગ કઠણ છે જ્યાં ચેતન એકાકી. માયાના સાથ વિનાનોજ પ્રવેશી શકે છે. હલકી વસ્તુનો રાગ છોડયા વિના કે આકરી સાધના કે જોઇતી તાલીમ લીધા વિના ઉંચી વસ્તુ થોડીજ મેળવી શકાય છે?

વ્યવહારમાં પણ વસ્તુ પ્રાપ્તિની ઇચ્છા ઉર્મિ કે પ્રવૃતિ ન હોય તો તેને તે વસ્તુ મળતી નથી. આ નિયમ પરમાર્થમાં પણ બરાબર લાગુ પડે છે, જેને પાણીની ઇચ્છા છે, તરસ છે, તેને દૂધ આપવાથી શું લાભ તેમજ જેને ભોગની અત્યંત ભૂખ છે. તેને ભક્તિનું બિન્દુ આપવાથી શું વળે? માણસને અંતરની વાસના મુંઝવતી હોય ભોગ–વૈભવ-વીંછીની પેઠે ડંખતા હોય, તેમજ લૌકિક પ્રવૃત્તિથી ધક્કા ખાઇને થાકયો હોય અને તેમાંથી તે અંતઃકરણ પૂર્વક છૂટવા માંગતો હોય અને સાચી દિશા તરફ જવાની તેને કાંઇ ઇચ્છા કે ભાવના થાય તો તેને ભક્તિ મળતાં વાર લાગતી નથી. પણ જેમાં ઇચ્છા નથી, પૃચ્છા નથી, જિજ્ઞાસા કે આતુરતા નથી કે કોઇ પ્રકારની તત્પરતા નથી, તો તેને ભક્તિ જેવી અણમોલ ચીજ આવ્યે શું લાભ? આંધળાને આરસી દેખાડવી અને ગધેડાને મોતીનો ચારો આપવો તેમજ આ જગતના સ્થૂલ ભોગોમાં આસકત અને અંધ બનેલાને ભક્તિ આપવી તે વ્યર્થ અને બીન ઉપયોગી છે. માણસને શુભ સંકલ્પ. દૃઢ નિશ્ચિય, શ્રદ્ધા અને પ્રેમ પૂર્વક તત્પરતા અને એનો ભોગ વૈભવ પ્રત્યેનો વૈરાગ્ય ભક્તિને આપોઆપ ખેંચી લાવે છે. કેટલાક સાધકોમાં જોઇતા ગુણો કે જોઇતી પાત્રતા ન હોય છતાં તેમનો અંતરનો દીનતા ભર્યો પશ્ચાતાપ પૂર્વે કરેલા દોષોની અંતઃકરણ પૂર્વક કબુલાત અને ફરી એ દોષો ન થાય તેને માટે જોઇતી જાગૃતિ રાખે, સાથે સાથે શુભ માર્ગે જવાની તેમજ ઉત્કટ ઇચ્છા હોય તો ભક્તિથી તેના અતરની શુદ્ધિ થતાં ઉચ્ચ ત્યાગ અને વૈરાગ્ય તેને પ્રાપ્ત થાય છે ભક્તિતો મોઢેથી સારી છે. એમ કહેનારા તો ઘણા હોય તેમજ ભક્તિને નામે કાંઇ વ્યાપાર કે છુપો સ્વાર્થ સાધનારા પણ અનેક હોય, ભક્તિ કરવાની જેને ઇચ્છા હોય, અપૂર્વ સુખ પ્રાપ્ત કરવાની જેને અભિલાષા હોય તેને હૃદયની નિખાલસતા, સાત્વિક સદ્ભાવ અને સરળતા, સજ્જનતા અવશ્ય રાખવાં જોઇએ. ભક્તિ દેખીતી રીતે સરળ અને સ્હેલી લાગે પણ વાસ્તવિક તેમ નથી. ઇન્દ્રિય ભોગનો ત્યાગ-કે વસ્તુનો ત્યાગ છુટયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. G 50

વિના તેમજ વૈરાગ્ય કે જ્ઞાન પ્રાપ્ત કર્યાં વગર ભક્તિ કદી મળતી નથી. સત્પુરૂષોની સેવા કર્યાં વગર કે તેમના સત્સંગનો લાભ લીધા વગર ભક્તિ બળવતી કે ફળવતી થતી નથી ભક્તિ એ કાંઈ વ્યાપાર નથી, ભક્તિ એ કાંઇ શોખ નથી. ભક્તિ કાંઇ પ્રાણીની ચાતુરી કે તર્કબુદ્ધિની રમત નથી. ભક્તિ તો એક અંતરની તૃષા છે. આત્માની ભૂખ છે. અને હૈયાના પાતાળમાંથી ઉડતી એક રસઝરણી છે. ભક્તિ તર્કથી પર છે કલ્પનાથી અતીત છે. શુષ્ક પાંડિત્યથી વેગળી છે. તેમ જ કેવળ શબ્દને વળગી રહેનારા મૂર્ખ વેદીયાઓથી તે દૂર છે. તરસ્યો માણસ પાણી માટે કેટલા ફાંફા મારે છે. માણસને પોતાનું અજ્ઞાન દેખાય, પોતાની ભૂલ સૂઝે અને તેના માટે તેને અંતર લાગી આવે તો તે જ્ઞાનને રસ્તે ચાલ્યા વિના રહે નહીં. માણસને જ્ઞાન છે પણ મિથ્યા–સમજ છે. માણસને ધનની ઇચ્છા થાય છે, ત્યારે તે ધંધો નક્કી કર્યા વગર રહી શકે ખરો ? તેમ જ જેને ભક્તિની ભૂખ હોય તો તે સત્સંગ કર્યા વિના રહે ખરો ? કે તે સત્શાસ્ત્રનું અધ્યયન કર્યા વગર સ્વસ્થ બેસે ખરો !

સ્વરૂપ પ્રાપ્તિની જેને તરસ છે, આત્મ ઉદયની જેને ઇચ્છા છે, તેનું ધ્યાન તેમાં જ હોય. મોક્ષમાર્ગનો પથિક અન્ય બીજા ભય વાતાવરણમાં જાય નહિ. અને કદી જઈ ચડ્યોતો ત્યાંથી તે તુરત ભાગવાનો પ્રયાસ કરે. માણસને આત્મહિતમાં અહંકાર ખૂબ નુકશાન કરે છે. અહંકાર એને અજ્ઞાનમાં ગોંધી નાંખે છે. અને સંસારની નીચી તળેટીમાંથી એને ઉડવા દેતો નથી. તેમજતે એને રજોગુણ કે તમોગુણના ચાણામાંથી ખસવા દેતો નથી. અહંકાર માણસને સાચું સમજવા દેતો નથી. અને પોતે જે સ્થિતિમાં હોય તેમાંથી નીકળવા દેતો નથી.

માણસ ચારેકોર કહેતો ફરે છે કે આ સંસારની ઉપાધિ વ્યવહારના વળગણો અને આ મારા મને છોડતા નથી. નહીંતર હું ભગવાનની ભક્તિ સુખેથી કરી શકત. આમ કહેવા કરતાં ભાઇ, તું એમ કહી દે કે હું માયાને છોડતો નથી. માણસ તો થાંભલાને બાથ ભરી બેઠો છે અને પછી બૂમો પાડે છે કે આ થાંભલો મને છોડતો નથી, આવું બોલવું તે સમજ વિનાનું છે. અને સત્પુરૂષ દયા ખાઇ કહે છે કે ભાઈ ! આ અર્થહીન બકવાદ શું કરે છે ! થાંભલો તને છોડતો નથી કે તું તેને છોડતો નથી ?

તું આત્મા છે, થાંભલો જડ છે. તું ચેતન છે, પાયો જડ છે જડ તને કેમ બાંધી શકે ? તું એને બાંધી બેઠો છે. તારે પોતાને એને છોડવું પડશે. પછી આજ કે કાલ. ખૂબ યાદ રાખવું જોઇએ કે જ્યાં સુધી માયાને નહીં છોડાય ત્યાં સુધી મોક્ષનું શાશ્વત સુખ પ્રાપ્ત નહીં થઇ શકે. આ મનુષ્ય જન્મ સોનેરી સમય છે. સમજ–શક્તિ અને જોઇતાં સાધનો મળ્યાં છે. તો પછી જે મુખ્ય કરવાનું છે તે કાં કરી લેતા નથી ? આ દેહમાં નહીં કરો તો કયા દેહમાં કરવાના છો ? પ્રભુભક્તિ સત્વર કરી લ્યો તો સારૂં. શુભ સંસ્કાર, ઉચ્ચ ભાવના, સત્સંગ અને સજાતિય વાતાવરણથી વૃદ્ધિ પામે છે. વસ્તુ કે વિષયનું યથાર્થ જ્ઞાન ન થાય તેને અજ્ઞાન કહે છે. અને એ અજ્ઞાન કે મોહના અંગે માણસ પોતાની નિર્બળતા છુપાવવા પૂર્વના સંસ્કાર–પ્રારબ્ધ કે દૈવના ઉપર દોષ મુકે છે. દેવતાને પણ દુર્લભ આ માનવદેહ બહુ ભાગ્યથી પ્રાપ્ત થાય છે. આ શરીર સર્વ સાધનમાં ઉત્તમ સાધન છે. મોક્ષના દ્વારરૂપ છે મનુષ્ય શરીર મેળવીને જેણે પરલોકનું સુખ કે હિત સંભાળ્યું નથી તે અંતે પરલોકમાં દુઃખ પામે છે. અને ખૂબ જ પસ્તાય છે.

સંસારના વિષય–ભોગમાં જે નિરંતર ઉંઘે છે. અને સ્વરૂપ પ્રાપ્તિના પંથે જાગતા રહે છે, તેજ આત્મા સાચા પરમાર્થના પથિક છે અને મોક્ષના અર્થી છે.

ભાઈ, જરા આંખ ઉઘાડ પલકારામાં દેહ મૃત્યુનો ખોરાક થઇ જશે. મોટા કે વૃદ્ધ થશું ત્યારે નિરાંતે ભગવાનની ભક્તિ કરશું એવી આશામાં ન રહેવું. વૃદ્ધ થતાં પહેલાં મૃત્યુ નહીં આવે એ કોણ ખાત્રીથી કહી શકે છે ? મૃત્યુની નગ્ન તલવાર સદાય સૌના શીર ઉપર ઝઝુમી રહી છે. એટલા માટે અમુક કામ થઇ રહેશે ત્યારે પ્રભુની ભક્તિ કરશું એવા ખોટા ખ્યાલ સમજુ માણસોએ છોડવા જોઇએ.

પ્રકાશક : દીપચંદ જીવણલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર
મુદ્રક : ગીરધરલાલ ફુલચંદ શાહ, સાધના મુદ્રણાલય–ભાવનગર

For Private And Personal Use Only